દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૨, તા. ૦૯.૦૧.૨૦૨૫

### રેલ સેફ્ટી કમિશનરના ઈન્સ્પેક્શનથી ગુરુવારે મેટ્રો સવારે 10થી 4 બંધ

# મોટેરા-ગાંધીનગર મેટ્રો હાલના દર સવા કલાકને બદલે 30થી 40 મિનિટે મળશે

### આ રૂટ પર આવતા 14 સ્ટેશનમાંથી હાલ 7 રૂટ પર મેટ્રો દોડાવાય છે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)એ સપ્ટેમ્બરમાં મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 સુધી મેટ્રોનું સંચાલન શરૂ કર્યું છે. આ રૂટ પર હાલ દર સવા કલાકે મેટ્રો દોડાવાય છે. મેટ્રોમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યા સતત વધી રહી છે. જીએમઆરસી દ્વારા આ રૂટ પર મેટ્રોની ફ્રિક્વન્સી વધારવા કવાયત શરૂ કરી છે.

મોટેરાથી ગાંધીનગર સેક્ટર -1 તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધીના રૂટ પર 9 જાન્યુઆરીના રોજ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા ઈન્સ્પેક્શન કરાશે. જેના ભાગરૂપે 9 જાન્યુઆરીના રોજ સવારે 10.40થી સાંજે 4 વાગ્યા સુધી આ રૂટ પર મેટ્રો સેવા બંધ રહેશે. નિરીક્ષણ બાદ જરૂરી પ્રક્રિયા પૂર્ણ થતા ક્લીયરન્સ પ્રમાણપત્ર મળ્યા બાદ માર્ચ અંતમાં કે એપ્રિલની શરૂઆતથી આ રૂટ પર મેટ્રો દર 30થી 40 મિનિટ મળશે.

હાલમાં મોટેરાથી ગાંધીનગર સેક્ટર - 1 વચ્ચે આવેલા કુલ 14 સ્ટેશનમાંથી હાલ 7 સ્ટેશન મોટેરા, જીએનએલયુ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-1 શરૂ કરી દેવાયા છે. 7 સ્ટેશન કોટેશ્વર, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા અને કોબા ગામ સ્ટેશન પર કામગીરી ચાલુ છે.

### સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધા, ટ્રેકનું ઈન્સ્પેક્શન થશે

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, મોટેરાથી ગાંધીનગર સેક્ટર - 1 વચ્ચે તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટી વચ્ચે સીએમઆરએસ દ્વારા ટ્રેક પર ફ્રિક્વન્સી વધારવા માટે જરૂરી સિગ્નલ સિસ્ટમ, ટ્રેક, સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓ વગેરેનું નિરીક્ષણ કરર ક્લીયરન્સ પ્રમાણ પત્ર આપશે. આ સંપૂર્ણ પ્રક્રિયામા 2 મહિનાનો સમય લાગે તેમ છે. માર્ચના અંતમાં એક એપ્રિલની શરૂઆતમાં આ રૂટ પર મેટ્રોની ફ્રિકવન્સી વધારાશે.